| સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા, અમદાવાદ | | |
|---|---|---|
| સચિવાલય તથા સંલગ્ન કચેરીઓના નાયબ સેક્શન અધિકારી(વર્ગ-૩)ની પૂર્વસેવા તાલીમાંત પરીક્ષા | | |
| તા.૦૬/૦૨/૨૦૨૫ | **પ્રશ્નપત્ર-૩** | બેઠક નંબર:............. |
| સમય : ૧૧.૦૦ થી ૧૪.૦૦ | **SET-A** | કુલ ગુણ : - ૧૦૦ |

**1** ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ ફરજ મોકુફીમાંથી નોકરીમાં પુનઃ સ્થાપનના સમયે ફરજ મોકુફીની મુદતનું રજામાં પરિવર્તન અંગેની જોગવાઈ કયા નિયમમાં છે?

**A** નિયમ-૭૧ **B** નિયમ-૭૨

**C** નિયમ-૭૩ **D** નિયમ-૮૫

**2** ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ નિયમ-૩(૧૫-ખ) મુજબ કઇ બાબતે કમિશનને પૂછવાની જરૂર નથી ?

**A** ભારે શિક્ષા માટે **B** પેન્શન કાપ કરવા માટે

**C** શિક્ષા તરીકે હોય તે સિવાય અથવા બીજી કોઇપણ રીતે અધિકારીને નોકરીમાંથી છૂટા કરવા અથવા તેમની મૂળ જગ્યાએ પાછા મૂકવા માટે. **D** બરતરફ કરવા માટે.

**3** ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ રાજ્યેતર સેવાની જોગવાઈ ક્યા પ્રકરણમાં છે?

**A** પ્રકરણ-૨ **B** પ્રકરણ-૩

**C** પ્રકરણ-૪ **D** પ્રકરણ-૬

**4 સરકારે હાથ ધરેલ ખાતાકીય તપાસની કાર્યવાહીના અંતે કરેલ આખરી હુકમ અંગેની સરકાર દ્વારા પુન:વિચારણા ક્યારે કરી શકાશે ?**

**A** સંબંધિત કેસના રેકર્ડમાં દેખીતી ભૂલ જણાય કે અન્ય મહત્વના કારણો જણાય ત્યારે

**B** તે કેસમાં સરકારના હુકમ સામેની નામદાર હાઇકોર્ટ સમક્ષની અપીલ પડતર હોય ત્યારે

**C** તે કેસમાં સરકારના હુકમ સામેની અપીલ કરવાની સમયમર્યાદા પૂરી થઇ ગયેલ હોય ત્યારે

**D** ઉપર A અને C – બન્ને શરતોને આધીન

**5 ગુજરાત વિધાનસભા નિયમો મુજબ અતારાંકિત પ્રશ્નો પૂછવા અંગેની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૮૪

**B** નિયમ-૮૫

**C** નિયમ-૮૬

**D** નિયમ-૮૭

**6 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ અભ્યાસ રજા અંગેની જોગવાઇ કયા પ્રકરણમાં છે ?**

**A** પ્રકરણ-૧

**B** પ્રકરણ-૨

**C** પ્રકરણ-૫

**D** પ્રકરણ-૭

**7 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ જુનિયરના પગારના આધારે સરકારી કર્મચારીનો પગાર વધારવાની જોગવાઇ કયા નિયમમાં છે?**

**A** નિયમ- ૨૧

**B** નિયમ-૩૮

**C** નિયમ- ૨૫

**D** નિયમ- ૨૮

**8 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ મુજબ પ્રોબેશન પર હોય તેવા અધિકારીને સેવા સમાપ્ત કરવાની બાબતમાં આયોગને પૂછવાનું રહે છે કે કેમ ?**

**A** હા

**B** ના

**C** કંઇ કહી શકાય નહી.

**D** કોઇ જોગવાઇ નથી.

**9 ગુજરાત મુલ્કી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકુફી,બરતરફી અને રૂખસદ) નિયમો, ૨૦૦૨ મુજબ ફરજમાં નીચેની સેવાઓનો સમાવેશ થતો નથી.**

**A** અજમાયશી તરીકેની નોકરી

**B** હાજર થવાનો સમય

**C** ફરજીયાત ખાતાકીય પરીક્ષામાં ઉપસ્થિત થવાનો સમય

**D** સીધી ભરતીની પરીક્ષામાં ઉપસ્થિત થવાનો સમય

10 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ મુજબ લેખિત ઠપકાની શિક્ષાના હુકમ માટે આયોગને પૂછવાની જરૂર નથી તેવી જોગવાઇ કયા નિયમમાં છે ?

A નિયમ-૩(૯) B નિયમ-૩(૧૧)

C નિયમ-૩(૧૨)(૧)(ક) D નિયમ-૩(૧૨)(૧)(ખ)

11 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ – ૧૯૮૮ મુજબ આરોપી વ્યક્તિને સાક્ષી તરીકે સક્ષમ ગણી શકાશે તેવી જોગવાઇ કયા નિયમમાં છે ?

A નિયમ-૨૧ B નિયમ-૨૬

C નિયમ-૩૧ D નિયમ-૨

12 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ મૃત્યુ સહ નિવૃત્તિ ગ્રેચ્યુઇટી કયા નિયમ મુજબ ચૂકવવામાં આવતી રકમ છે ?

A નિયમ-૯ B નિયમ-૧૦

C નિયમ-૮૧ D નિયમ-૮૨

13 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ મુજબ ગુજરાત રાજય બહાર દરીયાઇ નદીની સ્ટીમર દ્વારા મુસાફરી માટે સરકારી કર્મચારીને કયા વર્ગની સગવડતા માટે હક્કદાર ગણવા તે અંગે નિર્ણય લેવાની સત્તા કયા અધિકારીને છે ?

A કચેરીના વડા B કોઇને નહી.

C ખાતાના વડા D ત્રણમાંથી એકપણ નહી.

14 સ્વમૂલ્યાંકન રજૂ થયા બાદ અહેવાલ લખનાર અધિકારી નિવૃત્ત થયા પછી કયાં સુધી અહેવાલ લખી શકે છે ?

A ૧ માસ B ૨ માસ

C ૬ માસ D ૧ વર્ષ

15 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ રજાનું અતિક્રમણ ગણવાની જોગવાઇ કયા નિયમમાં છે ?

A નિયમ-૪૫ B નિયમ-૭૩

C નિયમ-૮૬ D નિયમ - ૭૨

16 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ સરકારી કર્મચારીને રજાનું રોકડમાં રૂપાંતરની જોગવાઇ કયા નિયમમાં છે ?

A નિયમ-૪ B નિયમ-૨

C નિયમ-૬૫ D નિયમ-૭૫

**17 કયા કયા કેસોમાં બંધારણના અનુચ્છેદ-૩૧૧(૨) હેઠળના અપવાદો મુજબ કોઇ સરકારી કર્મચારી સામેની નિયમાનુસારની ખાતાકીય તપાસની સંપૂર્ણ કાર્યપધ્ધ્તિ અનુસર્યા વિના તેઓને સરકારી સેવામાંથી સક્ષમ સત્તાધિકારી દ્વારા દૂર કરી શકાશે ? (યોગ્ય વિકલ્પ પસંદ કરો)**

**A** જ્યારે કોઇ સરકારી કર્મચારી, તેના સામેના ગુના સંબંધમાં નામદાર અદાલત દ્વારા ગુનેગાર ઠરેલ હોય ત્યારે

**B** જ્યારે કોઇ સરકારી કર્મચારી સામે હાથ ધરેલ ખાતાકીય તપાસની કાર્યવાહી વ્યવહારૂ રીતે આગળ ધપાવવી અશક્ય બનેલ હોય ત્યારે

**C** સરકારી કર્મચારીએ આચરેલ ગેરકૃત્ય અંગે કેન્દ્ર / રાજ્યના હિતમાં તપાસ કરાવવી અનુચિત જણાયેલ હોય ત્યારે

**D** ઉપર A,B અને C – તમામ કિસ્સામાં

**18 ગુજરાત વિધાનસભા નિયમો મુજબ કોઇપણ વ્યક્તિ સામે આક્ષેપ મુકવા સબંધી કાર્યરિતીની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૩૫

**B** નિયમ-૩૬

**C** નિયમ-૩૭

**D** નિયમ-૧૦

**19 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ સરકારી કર્મચારીને મળવાપાત્ર ઇજાફાના અપવાદની જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૩૭

**B** નિયમ-૪૯

**C** નિયમ - ૨૭

**D** નિયમ-૩૯

**20 ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ પરિશિષ્ટ-૩માં કયા પ્રકારના સરકારી કર્મચારીઓની સૂચિ છે ?**

**A** વેકેશન ખાતામાં નોકરી કરતા

**B** વિદેશમાં નોકરી કરતા

**C** અન્ય રાજયમાં નોકરી કરતા

**D** પેન્શનરો

**21 ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ નિયમ-૩(૧૦) કઇ તારીખથી ઉમેરવામાં આવેલ છે ?**

**A** તા.૦૭/૦૧/૧૯૯૫

**B** તા.૧૫/૦૭/૧૯૬૩

**C** તા.૦૭/૦૧/૨૦૦૦

**D** તા.૧૫/૦૬/૧૯૬૩

22 ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ભૂતકાળની સળંગ ન હોય તેવી કાયમી કે હંગામી નોકરીમાં કેટલા વર્ષની નોકરીએ એક ઇજાફાની ગણતરી લઇ શકાય ?

A પાંચ વર્ષથી ઓછી
B પાંચ વર્ષથી વધારે પણ સાડાસાત વર્ષથી ઓછી
C દશ વર્ષથી વધારે
D ત્રણમાંથી એકપણ નહી.

23 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ મુજબ નિવૃત્તિ સમયે મળવાપાત્ર મુસાફરી ભથ્થાની જોગવાઇ કયા નિયમમાં કરવામાં આવેલ છે ?

A નિયમ-૧૦
B નિયમ-૧૯
C નિયમ-૧૦૬
D નિયમ-૧૦૯

24 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ ત્રીજા પક્ષ પાસેથી સેવા ખર્ચ વસુલાતની જોગવાઇ કયા નિયમમાં છે ?

A નિયમ-૩૬
B નિયમ-૪૧
C નિયમ-૫૧
D નિયમ-૧૫૮

25 ગુજરાત વિધાનસભા નિયમોમાં સભ્યો માટેના શપથપત્રકની જોગવાઇ કયા નિયમમાં છે ?

A નિયમ-૭
B નિયમ-૮
C નિયમ-૯
D નિયમ-૧૦

26 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ –૧૯૮૮માં ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ –૧૯૮૮માં ખાસ ન્યાયાધિશોએ ઇન્સાફી કાર્યવાહી કરવાપાત્ર કેસોની જોગવાઇ કયા નિયમમાં છે ?

A નિયમ-૩
B નિયમ-૪
C નિયમ-૫
D નિયમ-૬

27 ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨ મુજબ વાહન ભથ્થાની વ્યાખ્યા કયા નિયમમાં છે ?

A નિયમ-૯(૫)
B નિયમ-૯(૧૦)
C નિયમ-૯(૧૮)
D નિયમ-૯(૨૩)

28 ગુજરાત વિધાનસભા નિયમો મુજબ વિધેયકો ઘડવાની જોગવાઇ કયા ભાગમાં છે ?

A ભાગ પહેલો
B ભાગ બીજો
C ભાગ ત્રીજો
D ભાગ ચૌદમો

29 ગુજરાત મુલ્કી સેવા (પેન્શન) નિયમ, ૨૦૦૨ની જોગવાઇ મુજબ સરકારી કર્મચારીને પેન્શન પાછું ખેંચી લેવાનો કે મોકુફ રાખવાનો સરકારના અધિકારની જોગવાઇ કયા નિયમમાં છે ?

A નિયમ-૧૯
B નિયમ-૨૦
C નિયમ-૨૧
D નિયમ-૨૪

**30** **ગુજરાત રાજય સેવા આયોગ (વિચાર વિનિમયમાંથી મુક્તિ) વિનિયમો, ૧૯૬૦ મુજબ અધિકારીને નોકરીની કરારની શરતો અનુસાર નોકરી સમાપ્ત કરવાની બાબતમાં આયોગને પૂછવાની જરૂર નથી તેવી જોગવાઇ કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૩(૧૫)(ક)
**B** નિયમ-૩(૧૫)(ખ)
**C** નિયમ-૩(૧૫)(ધ)
**D** નિયમ-૩(૧૫)(ગ)

**31** **કામગીરી મુલ્યાંકન અહેવાલમાં થયેલ નોંધ અન્વયે અધિકારી રેફરલ બોર્ડ ને રજુઆત કરવા માંગતા હોય તો તેણે ક્યાં રજુઆત કરવી જોઇએ ?**

**A** સામાન્ય વહીવટ વિભાગને
**B** ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ ને
**C** જિલ્લા ન્યાયાલયમાં
**D** ગુજરાત હાઇકોર્ટમાં

**32** **વિધાનસભાના તારાંકિત પ્રશ્નો અને અતારાંકિત પ્રશ્નો અંગેની સંયુક્ત જોગવાઇ ગુજરાત વિધાન સભા નિયમોના ક્યા નિયમમાં કરવામાં આવી છે ?**

**A** નિયમ ૭૭
**B** નિયમ ૭૩
**C** નિયમ ૭૨
**D** નિયમ ૭૧

**33** **નિર્વાહ ભથ્થામાંથી નીચે આપેલ પૈકી કઇ કપાત ફરજીયાત છે ?**

**૧. પ્રો. ફંડમાં ભરવાનો થતો ફાળો**

**૨ સરકારી રહેણાંકનું ભાડું**

**૩ આવકવેરો**

**૪. વ્યવસાય વેરો**

**A** 1,2,3,4
**B** 1,3,4
**C** 1,2,4
**D** 2,3,4

**34** **ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ સંદર્ભે અપીલ અને ફેર તપાસની સતા કોને છે ?**

**A** જિલ્લા ન્યાયાલય
**B** ખાસ અદાલત
**C** ઉચ્ચ ન્યાયલય
**D** ઉપરોક્ત તમામ

**35** **કાયમી મુસાફરી ભથ્થું મેળવતા કર્મચારીને જુલાઇ ૨૦૨૨ માં માસમાં તેઓને ૨૦ દિવસનું કાયમી મુસાફરી ભથ્થું ચૂકવવાનું હોય તો તેની ગણતરી કેવી રીતે કરવાની થાય ?**

**A** કાયમી મુસાફરી ભથ્થું/૩૧ x ૨૦
**B** કાયમી મુસાફરી ભથ્થું/૨૦x૩૧
**C** કાયમી મુસાફરી ભથ્થું/30x૨૦
**D** કાયમી મુસાફરી ભથ્થાની રકમ પુરેપુરી ચુકવાય.

**36 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ હેઠળના ગુનાઓની તપાસ કયા ન્યાયાધીશ ચલાવી શકે ?**

**A** ફોજદારી કોર્ટના કોઇ પણ ન્યાયાધીશ

**B** ફોજદારી અધિનિયમ-૧૯૭૩ હેઠળના મદદનીશ સેશન્સ ન્યાયાધીશ

**C** કેન્દ્ર સરકાર/રાજય સરકારે કલમ-૩ નીચે નીમેલ ખાસ ન્યાયાધીશ

**D** ફોજદારી કાર્યવાહી અધિનિયમ-૧૯૭૩ હેઠળના કોઇ પણ ન્યાયાધીશ

**37 નોમીનેશન સંદર્ભમાં નીચેના વાક્યો ચકાસો.**

**૦૧. જો પત્નિ જીવિત હોય તો પત્નિ કે બાળક ગમે તેના નામનું નોમીનેશન થઇ શકે.**

**૦૨. જો પત્નિ કે બાળકો ન હોય તો જ માતા-પિતાના નામનુ નોમિનેશન થઇ શકે.**

**૦૩. સરકારી કર્મચારીના પત્નિ જીવીત હોયતો તે અવસાન પામેલ પુત્રની વિધવાનુ નોમીનેશન કરી શકે નહિ.**

**૦૪.વિધવા બહેનના નામનું નોમીનેશન કરી શકાય નહિ.**

**A** ૧ અને ૨ સાચા છે ૩ અને ૪ ખોટા છે.

**B** ૧,૨,૩ સાચા છે, ૪ ખોટું છે.

**C** ૧ અને ૩ સાચા છે, ૨ અને ૪ ખોટા છે

**D** ૧,૨,૩ અને ૪ સાચા છે.

**38 વિધાનસભાના સભ્યપદેથી રાજીનામું આપવા માંગતા હોય તે સભ્યે કોને ઉદેશીને નિયત નમુનામાં લેખિતમાં જણાવવાનું રહે છે ?**

**A** અધ્યક્ષશ્રીને

**B** રાજ્યપાલશ્રીને

**C** મુખ્યમંત્રીશ્રીને

**D** મુખ્ય ન્યાયમુર્તિશ્રી, ગુજરાત હાઇકોર્ટને

**39 નીચેનામાંથી ક્યા વિધાન સાચા છે ?**

**૦૧. નિમણુંક સમયે સેવાપોથી બે નકલમાં તૈયાર થાય છે**

**૦૨. એક નકલ કચેરીમાં રાખવામાં આવે છે જ્યારે બીજી નકલ કર્મચારીને આપવામા આવે છે.**

**૦૩. નિવૃતી બાદ કર્મચારીને સેવાપોથી પરત આપવામાં આવતી નથી.**

**૦૪. રાજીનામા કે રુખસદ બાદ કર્મચારીને સેવાપોથી પરત આપી દેવામાં આવે છે**

**A** ૧,૨,૩,૪

**B** ૨,૩,૪

**C** ૧,૩,૪

**D** ૧,૨,૩

**40 પેન્શનરના માસિક પેન્શનમાંથી પેન્શનના મુડીકૃત રુપાંતરની રકમ ની કપાત ક્યારથી કરવામાં આવશે?**

**A** પેન્શનરને મુડીકૃત રુપાંતરની રકમ ચુકવ્યા પછીના માસના માસિક પેન્શનમાંથી

**B** નિયામક પેન્શન પ્રો. ફંડ દ્વારા પેન્શનરેને પેન્શન મુડીકૃત રુપાંતરની રકમ મેળવી લેવાની જાણ કરેલ હોય તેના ત્રણ માસના અંત પછીના માસની પહેલી તારીખથી

**C** જો પેન્શનર પુરેપુરા હપ્તા કપાવવાની બાહેંધરી આપે તો કપાત કોઇપણ માસથી ચાલુ કરી શકાય

**D** ઉપરોક્ત A અથવા B બેમાથી જે વહેલી આવે તે તારીખથી કપાત કરી શકાય

**41 નીચેના પૈકી કયા કિસ્સામાં રાજ્ય સેવા આયોગના પરામર્શ અનિવાર્ય બનશે ?**

**A** સચિવાલયના નાયબ સેક્શન અધિકારીની જગ્યાઓ બઢતીથી ભરવામાં આવે તેમાં

**B** નાયબ મામલતદારની જગ્યાએથી મામલતદારની જગ્યા બઢતીથી ભરવામાં આવે તેમાં

**C** વેચાણવેરા નિરીક્ષકની જગ્યાઓ બઢતીથી ભરવા માં આવે તેમાં

**D** સચિવાલયના ખાસ સચિવની જગ્યા બઢતીથી ભરવામાં આવે તેમાં

**42 પરિવહન ભથ્થા ના સંદર્ભમાં નીચેના પૈકી ક્યા વાક્યો સાચા છે?**

**૦૧. સરકારી વાહનની સુવિધા આપવામા આવેલ હોય તો પણ તેમને આ ભથ્થુ મળવાપાત્ર છે.**

**૦૨. જો ત્રીસ દિવસ કરતા વધુ સમય રજા પર જવામા આવે તો આ ભથ્થુ મળવાપાત્ર નથી**

**૦૩. જો અંધ કર્મચારી ફરજના સ્થળથી એક કિલોમીટરની અંદર રહેતા હોય તો આ ભથ્થુ મળવાપાત્ર છે.**

**A** 1,3

**B** 1,2,3

**C** 1,2

**D** 2,3

**43 વિધાનસભાના સભ્ય અને વિધાનસભાના નિયમોના નિયમ 251 મુજબ વિશેષાધિકાર ના પ્રશ્ન કે અવમાનનો પ્રશ્ન ઉપસ્થિત કરવાનો હક કઈ કઈ શરતોને આધીન રહેશે ?**

**A** તે પ્રશ્ન તાજેતરના બનાવની ચોક્કસ બાબતે હોવો જોઈએ

**B** તે માટે પ્રથમ દર્શનીય કેસ હોવો જોઈએ

**C** તે બાબતમાં સભાગૃહની દરમિયાનગીરી જરૂરી હોવી જોઈએ

**D** ઉપરોક્ત તમામ

**44 પેન્શન પાત્ર નોકરીની ગણતરી કરતી વખતે નીચે આપેલ વિગતો ધ્યાને લઇ કઇ બાબત યોગ્ય છે તે જણાવો ?**

**૦૧. નોકરીમાં ત્રણ માસ સુધીની સળંગ તુટ હોય તો પેન્શન પાત્ર ગણાય.**

**૦૨.છત્રીસ માસ થી વધુ સમયની અસાધારણ રજા પેન્શન પાત્ર ગણાય નહિ.**

**૦૩. ફરજ મોકુફીનો પુરો સમય બાદ થાય નહિ, જો તે ફરજ તરીકે ગણવામાં ન આવ્યો હોય.**

**૦૪. પાંચ વર્ષની ઉપરની સળંગ રજા પેન્શન પાત્ર નોકરીમાંથી બાદ થાય નહિ, જો તે મંજુર કરવામાં આવી હોય.**

**A** ૧,૨,૪ **B** ૩,૪

**C** ૨,૩,૪ **D** ૧,૨

**45 દૈનિક ભથ્થું ક્યારે મળવાપાત્ર થાય ?**

**A** મુખ્ય મથકથી આઠ કિલોમીટર દુર જવાના સંજોગોમાં

**B** મ્યુનિસિપલ હદથી આઠ કિલોમીટર જવાના સંજોગોમાં

**C** મુખ્ય મથક અથવા મ્યુનિસિપલ હદની બે માંથી જે બધુ દુર જાય બહાર જવાના સંજોગોમાં

**D** મુખ્ય મથક અથવા મ્યુનિસિપલ હદ બે માંથી જે દુર હોય ત્યાંથી આઠ કિલોમીટર ત્રીજ્યાની બહાર સંજોગોમાં

**46 એક ડોકટરને સરકાર દ્વારા અમદાવાદમાં ભાડામુક્ત રહેઠાણ ફાળવેલ છે જે હોસ્પીટલના કંપાઉન્ડમા જ આવેલ છે જેની સાથે તેના મિત્ર પણ રહે છે જે સરકારી કર્મચારી છે તો ઘરભાડા માટે કોણ પાત્ર છે ?**

**A** બે માંથી કોઇ એકને અમદાવાદના દરે **B** મિત્રને જ અમદાવાદના દરે

**C** બંન્ને માંથી કોઇને મળવાપાત્ર નથી **D** બંન્ને ને અમદાવાદના દરે મળવાપાત્ર છે

**47 વિધાનસભાએ રચેલી અંદાજ સમિતિના કાર્યોમાં અહેવાલમાં નીચેના પૈકી શેનો સમાવેશ થતો નથી ?**

**A** વહીવટી માળખામાં શું ફેરફારો કરવા તે સુચવવા

**B** કાર્યક્ષમતા કેમ વધારવી તે સુચવવા

**C** કેવા વહીવટી સુધારા થઇ શકે તે સુચવવા **D** નિયત જાહેર સાહસોને લગતી કામગીરી

**48 ઇરાદાપુર્વક કરેલ ઇજા માટે ખાસ અશકતતા રજા મંજુર કરવાની સતા નીચે આપેલ ક્યા સતાધિકારી પાસે છે ?**

**A** રજા મંજુર કરનાર નિયંત્રણ અધિકારી પાસે **B** ખાતાના વડા

**C** ખાતાના સચિવશ્રી **D** નાણાં વિભાગ

**49 કોઇ જાહેર સેવકે તેના જાણીતા- કાયદેસરના આવકના સાધનોથી અપ્રમાણસર મિલ્કતો વસાવીને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ-૧૯૮૮ હેઠળનો ગુનો કર્યો હોય ત્યારે "આવકના જાણીતા સાધનો" નો શો અર્થ કરવાનો રહે છે ?**

**A** જાહેર સેવકની તથા તેના કુટુંબની તમામ આવકના સ્રોત

**B** જાહેર સેવકની કુલ આવકમાંથી તેમાં કુલ ખર્ચ બાદ કરીને બાકી રહેતી આવક

**C** જાહેર સેવકે કાયદેસરના સાધનોમાંથી પ્રાપ્ત કરેલી આવક તથા આવી આવકની જાહેર સેવકે તત્સમયે લાગુ પડતા હોય તેવા કાયદા, નિયમો અને હુકમોની જોગવાઇ અનુસાર જાણ કરેલી હોય તે સાધનો

**D** ગુ.રા.સેવા (વ) નિયમો-૧૯૭૧ ના નિયમ-૧૯ મુજબની સ્થાવર અને જંગમ મિલકતો

**50 ભ્રષ્ટાચાર નિવારણ અધિનયમ ૧૯૮૮ અન્વયે જો કોઇ વ્યક્તિ વારંવાર કલમ ૮ અથવા કલમ ૯ હેઠળ ગુનો કરે તો તેને શિક્ષા કરવાની જોગવાઇ કઇ કલમમાં છે ?**

**A** કલમ ૧૩(૨)

**B** કલમ ૧૪

**C** કલમ ૧૫

**D** કલમ ૧૬

**51 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નિયમ -૭ મુજબ રાજ્ય સરકારના વર્ગ-૧ અધિકારીના શિસ્ત અધિકારી કોણ રહેશે ?**

**A** ખાતાના વડા

**B** કચેરીના વડા

**C** સરકાર

**D** ઉપર A,B અને C – પૈકી એકપણ નહી

**52 કેટલા સમયગાળાના કામગીરી મુલ્યાંકન અહેવાલ લખવાના રહેતા નથી ?**

**A** છ માસ

**B** ત્રણ માસ

**C** ત્રણ માસથી ઓછા

**D** આમાંથી એકેય નહીં.

**53 ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ,૧૯૮૮ અન્વયે "સરકારે નીમેલ હોય તો જ જાહેર સેવક ગણાશે" તે વિધાન સાચુ છે ?**

**A** સાચુ છે, કારણ કે કલમ 2(ગ) ના પેટા કલમ (1) મુજબ

**B** ના, કલમ 2(ગ) નીચેના સ્પષ્ટીકરણ (1) મુજબ પેટા કલમ (i) થી (xii) માં દર્શાવેલ વ્યક્તીઓને સરકારે નીમેલી હોય કે ના હોય તો પણા તેઓ જાહેર સેવક ગણાય છે.

**C** સાચુ છે, કલમ(ગ)ના પેટા કલમ(2) મુજબ હોય ઘરભાડા ભથ્થુ મળવાપાત્ર નથી

**D** હા, કલમ 2(ગ) નીચેના સ્પષ્ટીકરણ મુજબ

**54 સરકારી મત્સ્યપાલન શાળાઓ સાથે સંકળાયેલ કર્મચારીઓ કેવા કર્મચારીઓ ગણાય છે ?**

**A** વેકેશન ખાતાના કર્મચારીઓ

**B** નોન-વેકેશન ખાતાના કર્મચારીઓ

**C** કરાર આધારિત કર્મચારીઓ

**D** કરાર આધારિત કર્મચારીઓ

**55 નીચે આપેલ પસંગો પૈકી ક્યા પ્રસંગે ઉચ્ચ દરે ભાડુ વસુલ કરવાની સતા સરકાર પાસે છે ?**

**A** ફરજ પર ત્યારે જ્યા હાજર રહેવું જરુરી ન હોય ત્યાં તેને રહેણાંકનું મકાન ફાળવવામાં આવ્યું હોય

**B** પોતાની વિનંતીથી ઉચ્ચ કક્ષાનું આવાસ આપવામાં આવ્યુ હોય.

**C** રહેણાંકનું આવાસ વગર પરવાનગીએ પેટા ભાડે આપ્યુ હોય.

**D** ઉપરોક્ત તમામ

**56 ફરજ પર જોડાવાના સમય દરમ્યાન નીચે આપેલ પૈકી ક્યા ભથ્થા આકારી શકાય ?**

**1.મોંઘવારી ભથ્થુ**

**2. ઘરભાડા ભથ્થુ**

**3. કાયમી મુસાફરી ભથ્થુ**

**4. પરિવહન ભથ્થુ**

**5. વાહન ભથ્થુ.**

**A** 1,2,3,4

**B** 1,2,4

**C** 2,3,4,5

**D** 2,3,4

**57 કઈ નાની શિક્ષા કરતાં પહેલાં ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ ના નિયમ -૯ ના પેટા નિયમો (૩) થી (૨૨) માં જણાવેલ રીતે તપાસ હાથ ધરવાનું આવશ્યક છે?**

**A** ઠપકો આપવો

**B** બઢતી અટકાવવી

**C** ઉત્તરોત્તર વધતી અસર સાથે ઈજાફા અટકાવવા

**D** ઉપરના પૈકી એકેય નહિ

**58 ગુજરાત રાજ્ય સેવા(વર્તણૂંક) નિયમો, ૧૯૭૧ મુજબ કુટુંબની વ્યાખ્યામાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી?**

**A** સરકારી કર્મચારીથી અલગ રહેતી પત્ની

**B** સરકારી કર્મચારીના પિતા

**C** કાયદેસરના છૂટાછેડા લીધેલ પત્ની

**D** સરકારી કર્મચારી ઉપર સંપૂર્ણ આશ્રિત પુત્ર

**59 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના કયા નિયમમાં મોટી શિક્ષા કરવાની પધ્ધતિની જોગવાઈ છે?**

**A** નિયમ-૬

**B** નિયમ-૯

**C** નિયમ-૧૧

**D** નિયમ-૧૧-ક

**60 રોસ્ટર રજીસ્ટરો બનાવવાના /જાળવણાના ઉદેશો સંબંધમાં નીચેના વિકલ્પો પૈકી ક્યો વિકલ્પ સૌથી વધુ યોગ્ય છે ?**

**A** સીધી ભરતીના પ્રસંગે ગુણવતા પ્રમાણે નિમણૂક આપવા માટે

**B** બઢતીના પ્રસંગે પોઇન્ટ મુજબ નિમણૂક આપવા માટે

**C** અનામતની કેટેગરીવાર નિયત ટકાવારી જાળવવા માટે

**D** ઉપરના A,B અને C તમામ

**61 સરકારી કર્મચારીને ફરજમોકૂફીના હુકમની સમીક્ષાને અંતે સક્ષમ સત્તાધિકારી ફરજમોકૂફી વધુમાં વધુ કેટલો સમય લંબાવી શકાય?**

**A** ૯૦ દિવસ

**B** ૧૮૦ દિવસ

**C** ૧૨૦ દિવસ

**D** સક્ષમ સત્તાધિકારીને યોગ્ય જણાય તેટલો સમય

**62 દરેક વહીવટી વિભાગના રોસ્ટર સંપર્ક અધિકારીએ, તેમના વિભાગના અને તાબાના વિવિધ ખાતાના રોસ્ટર રજીસ્ટરોની તપાસણી ક્યારે કરવાની રહે છે ?**

**A** દર છ મહિને

**B** દર મહિને

**C** દર વર્ષે

**D** દર ત્રણ મહિને

**63 શિસ્ત અધિકારી તપાસ અધિકારી ન હોય ત્યારે તેમણે નીચેના પૈકી કયું સાહિત્ય તપાસ અધિકારીને મોકલવાનું નથી?**

**A** આક્ષેપિત સરકારી કર્મચારીને બજાવેલ આરોપનામું

**B** આક્ષેપિત સરકારી કર્મચારીનું બચાવનામું

**C** સરકાર પક્ષે રજૂઆત કરવા માટે રજૂઆત અધિકારીની નિમણૂંકના હુકમની નકલ

**D** આક્ષેપિત સરકારી કર્મચારી સામેના આરોપો અંગે શિસ્ત અધિકારીની સમીક્ષા

**64 ખાતાકીય તપાસમાં તપાસ અધિકારી સમક્ષની કાર્યવાહી દરમ્યાન તપાસને લગતા દસ્તાવેજો કોના કબજામાં રહે છે?**

**A** તપાસ અધિકારીના

**B** શિસ્ત અધિકારીના

**C** રજૂઆત અધિકારીના

**D** ખાતાના વડાના

**65 રાજયની હાલની રોસ્ટર પધ્ધતિ નીચેના પૈકી કઇ સંસ્થાઓને લાગુ પડતી નથી ?**

**A** રાજ્ય સરકારની કચેરીઓ

**B** પંચાયતની કચેરીઓ

**C** સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ

**D** સરકારી અનુદાન ન મેળવતી બિનસરકારી સંસ્થાઓ

**66 સરકારી સેવાઓ અને જગ્યાઓમાં રોસ્ટરનો અમલ કરતી વખતે જગ્યાઓ ભરવાના કોઇપણ પ્રસંગે, જુદા જુદા અનામત વર્ગના ઉમેદવારોથી ભરવાની થતી જગ્યાઓની ટકાવારી કેટલા ટકાથી વધવી ન જોઇએ ?**

**A** ૫૦ ટકા

**B** ૫૧ ટકા

**C** ૪૯ ટકા

**D** ટકાવારીની આવી કોઇ મર્યાદા લાગુ પડતી નથી

**67 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના નિયમ-૨૪ હેઠળ સરકાર દ્વારા પોતાના હુકમોનું પુનરાવલોકન ક્યારે કરી શકાય?**

**A** શિક્ષાનું પ્રમાણ ઘટાડવા માટે

**B** શિક્ષાનું પ્રમાણ વધારવા માટે

**C** આક્ષેપિતને બચાવની વાજબી અને પુરતી તક આપેલ ન હોવાનું જણાય ત્યારે

**D** તકેદારી આયોગની ભલામણ હોય ત્યારે

**68 નમૂનારૂપ રોસ્ટર પોઇન્ટ નક્કી કરવાની સામાન્ય પધ્ધતિ કઇ નક્કી કરવામાં આવી છે ?**

**A** બિનઅનામત અને અનામતના ૫૦ % ગણી રોટેશન મુજબ

**B** નિયત ટકાવારીથી દરેક જગ્યાનો ગુણાકાર કરી પૂર્ણાંક મેળવીને

**C** સરેરાશ એક સમાન અંતર રાખીને

**D** ૭,૧૫,૨૭ જેટલા ક્રમિક અંતરો જાળવીને

**69 કેટલાક સંજોગોમાં સંબંધિત કર્મચારી/અધિકારીને આરોપનામું આપ્યા સિવાય (ખાતાકીય તપાસ કર્યા સિવાય) શિસ્ત અધિકારી તેમને યોગ્ય લાગે તેવો શિક્ષાનો હુકમ કરી શકે છે. આ જોગવાઇ નીચેના પૈકી કયા નિયમમાં છે ?**

**A** નિયમ-૭

**B** નિયમ-૧૦

**C** નિયમ-૯

**D** નિયમ-૧૪

**70 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નીચે સરકાર પોતાના જ હુકમોની પુન:વિચારણા કયા નિયમ નીચે કરી શકે ?**

**A** નિયમ -૨૧

**B** નિયમ -૨૨

**C** નિયમ -૨૩

**D** નિયમ -૨૪

**71 સીધી ભરતીમાં તેમજ બઢતીમાં રોસ્ટર પધ્ધતિ અનુસાર ભરવાની થતી અનામતની જગાઓ કેટલા ભરતી પ્રસંગો પછી પણ ભરી શકાય ન હોય અને આગળ ખેંચવામાં આવેલ હોય તો તેને બેકલોગ ની જગા તરીકે ગણવાની રહે છે ?**

**A** ૨ ભરતી પ્રસંગો પછી
**B** ૩ ભરતી પ્રસંગો પછી
**C** ૪ ભરતી પ્રસંગો પછી
**D** ૫ ભરતી પ્રસંગો પછી

**72 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નીચેના પૈકી કયા અધિકારી/કર્મચારીને લાગુ પડતા નથી ?**

**A** પોલીસ ઇન્સ્પેકટરને
**B** નાયબ પોલીસ અધિક્ષકને
**C** નાયબ જિલ્લા વિકાસ અધિકારીને
**D** રાજ્ય સેવામાં અજમાયશી ધોરણે નિમાયેલ વ્યક્તિને

**73 સરકારી કર્મચારી/અધિકારી સામે શિસ્તભંગની/ ખાતાકીય તપાસની કાર્યવાહી ક્યારે શરૂ થયેલી ગણાય ?**

**A** તેની સામે પ્રાથમિક તપાસ શરૂ થાય ત્યારથી
**B** તેને શિસ્ત અધિકારી આરોપનામૂં ખરેખર બજાવે તે તારીખથી
**C** તકેદારી આયોગની ખાતાકીય તપાસ કરનારની ભલામણ મળે ત્યારથી
**D** સંબંધિત શિસ્ત અધિકારી ફાઇલમાં આક્ષેપિતને આરોપનામું આપવા અંગે નિર્ણય લે ત્યારે

**74 દરેક વહીવટી વિભાગના રોસ્ટર સંપર્ક અધિકારીએ, તેમના વિભાગ હસ્તકના વિવિધ ખાતાના રોસ્ટર રજીસ્ટરોની ચકાસણી કયારે કરવાની રહે છે ?**

**A** દર ૬ માસે
**B** દર વર્ષે
**C** દર ૩ માસે
**D** દર ૨ વર્ષે

**75 દ્વિપત્નીત્વ-દ્વિપતિત્વ માટેની ગેરલાયકાત નીચેના પૈકી કયા નિયમમાં કરવામાં આવી છે ?**

**A** નિયમ-૧૦
**B** નિયમ-૬
**C** નિયમ-૧૩
**D** નિયમ-૧૫

**76 નિમણૂંક અધિકારીથી નીચેના દરજ્જાના અધિકારી કોઇપણ કર્મચારી/અધિકારીને બરતરફ કે સૂખસદ કે પાયરી ઉતારની શિક્ષા કરી શકે નહી તેવી જોગવાઇ શિસ્ત અને અપીલ નિયમો, ૧૯૭૧ ના કયા નિયમમાં કરવામાં આવી છે ?**

**A** નિયમ - ૧૧
**B** નિયમ -૭
**C** નિયમ -૬
**D** નિયમ -૯

**77 નીચેનામાંથી કઇ જોડ સાચી છે ?**

**A** નિયમ - ૨૩ : ઉછીનું લેવું
**B** નિયમ - ૧૮ : સરકારને જાણ કરવા બાબત
**C** નિયમ - ૯ : સરકારી માહિતી અનઅધિકૃત રીતે પૂરી પાડવી
**D** નિયમ - ૧૪ : ખાનગી ધંધો અથવા રોજગાર કરવા ઉપર પ્રતિબંધ

**78 જે તે કચેરીના વડા/કામના સ્થળનો હવાલો ધરાવનાર દરેક સરકારી અધિકારી/કર્મચારીએ આવી કચેરીમાં/કામના સ્થળે કામ કરતી કોઇપણ મહિલાની જાતીય સતામણી થાય નહી તે માટે યોગ્ય પગલાં લેવા જોઇએ તેવી જોગવાઇ નીચેના પૈકી કયા નિયમમાં કરવામાં આવી છે ?**

**A** નિયમ -૩ (૨)

**B** નિયમ -૩ (ખ)

**C** નિયમ -૨૦

**D** આવી કોઇ જોગવાઇ વર્તણૂંક નિયમમાં છે જ નહી

**79 જેની પત્ની હયાત છે તેવા એક સરકારી કર્મચારી બીજી સ્ત્રી (કે જે અપરણિત છે) સાથે મૈત્રી કરાર કરીને તેણી સાથે રહે છે તો તે સરકારી કર્મચારી.................**

**A** નિયમ-૨૬ નો ભંગ કરે છે.

**B** નિયમ-૩(૧)(૩) નો ભંગ કરે છે.

**C** નિયમ-૩(૧)(૨) નો ભંગ કરે છે.

**D** કાયદેસરના બીજા લગ્ન કરતો ન હોઇ કોઇ વર્તણૂંક નિયમનો ભંગ કરતો નથી

**80 ગુજરાત રાજ્ય સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ નીચે એવી કઇ નાની શિક્ષા છે કે જે કરતા પહેલા મોટી શિક્ષા કરવા માટેની જે કાર્યવાહી છે તેવી કાર્યવાહી હાથ ધરવી જરૂરી છે ?**

**A** બઢતી અટકાવવાની શિક્ષા

**B** ઇજાફો ભવિષ્યની અસર વિના અટકાવવાની શિક્ષા

**C** ઇજાફો ભવિષ્યની અસર સાથે અટકાવવાની શિક્ષા

**D** ઠપકો આપવાની શિક્ષા

**81 આર્થિક રીતે નબળા વર્ગોને રાજ્ય હેઠળની સેવાઓ/જગ્યાઓમાં નિમણૂંક માટે ૧૦ % અનામત રાખવા માટેની જોગવાઇ કઇ તારીખથી કરવામાં આવી છે ?**

**A** તા.૧૪/૦૧/૨૦૧૯ થી

**B** તા.૦૧/૦૧/૨૦૨૦ થી

**C** તા.૨૬/૦૧/૨૦૧૯ થી

**D** તા.૨૨/૦૨/૨૦૧૯ થી

**82 અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે બઢતીમાં જગાઓ અનામત રાખવા માટેના હુકમો સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના નીચેના હુકમો પૈકી કઇ તારીખના હુકમ/ઠરાવથી કરવામાં આવ્યા છે ?**

**A** ૧-૧-૧૯૭૭

**B** ૩૧-૧-૧૯૭૬

**C** ૧૭-૧-૧૯૭૬

**D** ૧-૧-૧૯૭૮

**83 દરેક વહીવટી વિભાગે, તૈયાર કરેલા રોસ્ટર રજીસ્ટરો કોની પાસે પ્રમાણિત કરાવવાના રહે છે ?**

**A** કાયદા વિભાગ

**B** સામાન્ય વહીવટ વિભાગ

**C** સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**D** વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

**84 સરકારી કર્મચારી તપાસ અધિકારી સમક્ષ હાજર થાય નહિ તો તપાસ અધિકારી કેવા પ્રકારની કાર્યવાહી કરી શકે?**

**A** એકપક્ષીય તપાસ હાથ ધરી શકે
**B** તપાસની કામગીરી મુલત્વી રાખે
**C** શિસ્ત અધિકારીને કેસ પરત મોકલી આપે
**D** શિસ્ત અધિકારીની સલાહ મેળવીને કાર્યવાહી હાથ ધરે

**85 એક ઇન્ચાર્જ મંત્રી તેમના વિભાગનું કામ તેમના હસ્તકના રાજ્યકક્ષાના મંત્રીને ફાળવવા માંગે છે. કોની સલાહ મેળવવી પડશે ?**

**A** મુખ્ય સચિવની
**B** મુખ્ય મંત્રીની
**C** કોઇની નહી
**D** રાજ્યપાલની

**86 કેબિનેટની બેઠક યોજવાની તારીખની જાણ સંબંધિત તમામને ઓછામાં ઓછા કેટલા દિવસ અગાઉ થવી જોઇએ ?**

**A** ૧ દિવસ
**B** ૨ દિવસ
**C** ૩ દિવસ
**D** ૪ દિવસ

**87 રાજ્યપાલએ કોની સલાહથી સરકારી કામકાજની ફાળવણી, કોઇ મંત્રીને આપવા, રાજ્ય કક્ષાના મંત્રીને એક કે વધુ વિભાગો વચ્ચે સોંપીને કરશે ?**

**A** મુખ્ય ન્યાયધીશની
**B** વડા પ્રધાનની
**C** કોઇની નહી
**D** મુખ્ય મંત્રીની

**88 મંત્રીઓ વચ્ચે સરકારી કામકાજની ફાળવણી કોણ કરે છે?**

**A** મુખ્યમંત્રી જાતે
**B** મુખ્યમંત્રી રાજ્યપાલની સલાહથી
**C** રાજ્યપાલ
**D** રાજ્યપાલ મુખ્યમંત્રીશ્રી સલાહથી

**89 લોકાયુક્તની નિયુક્તિ કરવાની બાબતે કયા વિભાગને સત્તાઓ છે?**

**A** કાયદા વિભાગ
**B** સામાન્ય વહીવટ વિભાગ
**C** વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
**D** ગૃહવિભાગ

**90 ગુજરાત સરકારના કામકાજના નિયમો - ૧૯૯૦ ના અમલ, કાળજીપૂર્વક પાલન માટે કોણ જવાબદાર છે ?**

**A** સંબંધિત વિભાગના મંત્રી
**B** મુખ્ય સચિવ
**C** સંબંધિત વિભાગના સચિવ
**D** મુખ્ય મંત્રી

**91 કેબિનેટના સચિવ તરીકે કોણ કામગીરી બજાવે છે ?**

**A** સામાન્ય વહીવટ વિભાગના અધિક મુખ્ય સચિવ
**B** મુખ્ય સચિવ
**C** કાયદા વિભાગના સચિવ
**D** રાજ્યપાલના સચિવ

**92** "મંત્રી" શબ્દમાં કોનો સમાવેશ થાય છે ?

**A** રાજ્યકક્ષાના મંત્રી અને નાયબ મંત્રી
**B** માત્ર મંત્રીઓ
**C** મુખ્ય મંત્રી, મંત્રી, રાજ્યકક્ષાના મંત્રી
**D** નાયબ મુખ્યમંત્રી, મુખ્યમંત્રી, મંત્રી

**93** **એક કર્મચારીનું મુખ્ય મથક રાજકોટ છે આ કચેરીનું સ્થળાતર કરી જામનગર લઇ જવામાં આવે છે તો આ કર્મચારીને ફરજ પર જોડાવાનો સમય કેટલો મળવાપાત્ર છે ?**

**A** 7 દિવસ
**B** 8 દિવસ
**C** એક દિવસ
**D** મળવાપાત્ર નથી

**94** **સરકારી કર્મચારીના કાબુ બહારના સંજોગોને કારણે લીધેલ અસાધારણ રજાને ઇજાફાના હેતુ માટે ગણી શકાય ? જો હા તો આ સતા ક્યા અધિકારી પાસે રહેલ છે?**

**A** અસાધારણ રજા હોય, ઇજાફાના હેતુ માટે ધ્યાને લઇ શકાય નહિ.
**B** હા ઇજાફાના હેતુ માટે ધ્યાને લઇ શકાય અને આ સતા કચેરીના વડા પાસે છે.
**C** હા ઇજાફાના હેતુ માટે ધ્યાને લઇ શકાય અને આ સતા ખાતાના વડા પાસે છે.
**D** હા ઇજાફાના હેતુ માટે ધ્યાને લઇ શકાય અને આ સતા પ્રાદેશીક વડા પાસે છે.

**95** **રાજકોટમાં એક જાહેર ટ્રસ્ટ દ્વારા સ્કુલ શરુ કરવા માટે સરકાર પાસેથી સરકારી મકાનની માંગણી કરવામાં આવે છે. સરકાર આ ટ્રસ્ટ ને એક સરકારી મકાન ફાળવે છે. તો આ ટ્રસ્ટ પાસેથી કયા દરે મકાન ભાડુ વસુલ કરવામાં આવશે ?**

**A** ધોરણસરનું ભાડું
**B** આર્થિક ભાડું
**C** બજાર ભાડું
**D** સરકાર દ્વારા નક્કી કરે તે રાહત દરનું ભાડું

**96** **એક અધિકારીનું 30 વર્ષની સેવા બાદ ચાલુ નોકરીએ અવસાન થાય છે. તેઓ અપરણિત છે અને તેમણે તેમના નાના ભાઇનું નોમીનેશન કરેલ છે. જ્યારે તેમના માતા પિતાનું પણ અવસાન થયેલ છે. તો નીચે પૈકી ક્યા લાભો તેમના ભાઇને મળવાપાત્ર છે?**

**A** પેન્શનનું મુડીકૃત રુપાંતર
**B** ડેથ ગ્રેજ્યુઇટી
**C** કુંટુંબ પેન્શન
**D** રોકડ સહાય

**97** **એક સરકારી કર્મચારીનો પગાર રૂ. 70000 હતો. મોંઘવારી ભથ્થાનો દર 5% અને ઘરભાડા ભથ્થાનો દર 16% હતો. સ્થાનિક વળતર ભથ્થુ અને પરિવહન ભથ્થુ મળવાપાત્ર ન હતુ. જ્યારે કપાત કુલ 5000 છે આ કર્મચારી તા. 01/01/2019 થી 10/01/2019 સુધી હક્ક રજા મુકી રજા પ્રવાસ રાહત ભોગવવા જાય છે. તે હેતુથી તે રજા પ્રવાસ રાહ્ત પેશગી માગે છે. તેના સહીત કુંટુંબના ચાર સભ્યોનો અંદાજીત ટીકીટ ખર્ચ રૂ. 80000 છે. તો તેને રજા પ્રવાસ રાહ્ત પેશગી કેટલી મંજુર કરી શકાય?**

**A** 66000
**B** 64000
**C** 80000
**D** 74700

**98 જો મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રી અનુપસ્થિત હોય તો કેબિનેટની બેઠકમાં અધ્યક્ષ સ્થાન કોણ લેશે?**

A સૌથી સિનિયર મંત્રી
B નાણા મંત્રી
C મહેસૂલ મંત્રી
D મુખ્યમંત્રીશ્રીએ નિયુક્ત કરેલા મંત્રી

**99 ગુજરાત રાજ્ય તકેદારી આયોગની બાબત કયા વિભાગના ક્ષેત્રાધિકારમાં આવે છે ?**

A સામાન્ય વહીવટ વિભાગ
B ગૃહ વિભાગ
C કાયદા વિભાગ
D વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

**100 એક અધિક વિકાસ કમિશ્નરશ્રી સ્વૈચ્છિક નિવૃત્તિ માટે અરજી કરે છે. તેમજ તેમની સામે કોઈ શિસ્ત વિષયક બાબત પડતર નથી તો તેમની અરજી અન્વયે નિર્ણય લેવાની સત્તા કોને રહેશે?**

A વિકાસ કમિશ્નરશ્રી
B સચિવશ્રી પંચાયત વિભાગ
C અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ), સા.વ.વિ
D માન.મંત્રીશ્રી(પંચાયત)

----------------